સા . સાવધાન!! સાવધાન!!!

આર ડી બેઠેલા દરદીઓ સારા થયા છે.

મદનમંજરી.

દી સુધારી વિર્ય વધારી શક્તિ આપેછે કોઇપણ કારણથી જતા વિર્યને અટકાવી
. ને નાશ કરેછે. નિરોગી વાપરે તો આયુષ્યમાં વધારો કરેછે. કિ૦ ગોળી
૪૦ નો રૂ. ૧ પેંટ જુદું.

રમણવિલાસની—વીર્યવાન અને વીલાસી પુરૂષોને સ્ત્રીસંગમા સ્તંભન કરી
આનંદ આપેછે. કીંમત ગોળી ૧૬ નો રૂ૧) પોસ્ટેજ જુદું.

નપુશકત્વારીધૃત—આ દવા લગાવવાથી હસ્તકર્મથી થયેલ પુરૂષના ગુપ્ત ભાગની
શીથીલતા, વક્રતા, નસોની કમજોરી, વગેરે દુર થઇ પરીપુર્ણ શક્તિ પ્રાપ્ત થાયછે. કિં૦
તોલા ૨)નો રૂ.૧) પોસ્ટેજ જુદું.

મેહમદનચુર્ણ—ફકત ત્રણ વખતજ લેવાથી પેશાબમાં થતી બળતરા એકદમ શાંત
થાયછે. અને વિશેષ જાતના પ્રમેહ તેના થોડીજ મુદતના સેવનથી નાશ પામેછે. કીં૦
તોલા ૧૦ નો રૂ૧) એક પો૦ જુદું.

મોતીનો સુરમો—આંખના તમામ દરદો મટાડેછે. ફકત અમીરોનાજ માટે.
ધોળો તોલા ૧ ના રૂ૧૦, કાળો તોલા ૧ નો રૂ.૧, પો૦ જુદું.

અગત્યની સુચના—અમારી દવાઓનું મોટું વેચાણ જોઇ તેની નકલો ઘણા લોકો
કરવા લાગ્યાછે તો તેવા લોકોની મોટી જાહેરખબરોથી ન ઠગાતા અસલી કોણ ને નકલી
કોણ તે જોવા મહેરબાની કરશો. વળી જણાવવું જોઇએ કે અમારૂં કુટુંબ વઇદ્ય તરીકે
લગભગ બસો વરસ થયાં પંકાયેલું છે.

રાજવૈદ્ય નારણજી કેશવજી—માલેક—આયુર્વેદોદય ઔષધાલય—**જામનગર.**

બ્રસ. **બ્રસ.** **બ્રસ.**

ઘરકામ, તથા બીજા કોઇપણ પ્રકારના ફેન્સી કામ, ઘર વાળવાના, મીલોને લગતા
દરેક જાતના વીગેરે વીગેરે નીચે લખેલા કારખાનામા બનેછે. મીલને લગતા તેમજ ન્હાના
મોટા દાંત સાફ કરવાના, ટોપીઓ સાફ કરવાના દાંતના હાથાના વિલાયતીના જેવા પણ
સસ્તા અને ટકાઉ તૈયાર થાયછે એક વખતે કામ પાડવાથી ખાત્રી થશે.

મેનેજર **કેશવલાલ હરજીવનદાસ**

ધી પાયોનીયર બ્રસ ફેકટરી.

નં૦ ૨૮ રાયપુર દરવાજા બહાર **અમદાવાદ**

ઉપોદ્‌ઘાત.

આપણી ભાષામાં દર વર્ષે સંખ્યાબંધ નવલ કથાઓ, અને કાવ્યનાં પુ- પડે છે, પરંતુ રાજકીય બાબતનો ઘણો અભાવ જોવામાં આવે છે. આ ક કશી રાજકીય સંબંધી ન્હાના ન્હાના લેખ પ્રસિદ્ધ કરી ગુર્જર વાંચકોની સમક્ષ માજ મુકવા ધારે છે. તેમાં આ પહેલો લેખ તે કોંગ્રેસ સંબંધી પ્રસિદ્ધીમાં આવે છે, અને આશા રાખવામાં આવે છે કે તેનો યોગ્ય સત્કાર થયે હવે પછી બીજા લેખ પ્રસિદ્ધીમાં મુકવા વિચાર કરશે. આ લેખ પ્રસિદ્ધ કરવામાં મદદ કરવા સારૂ મી૦ મોતીલાલ છ. દેસાઇનો આભાર માનવામાં આવે છે.

અમદાવાદ, ભારત ભક્ત સમાજ.

પ્રસ્તાવના.

જે આ ચોપાનીયું જન સમક્ષ મુકવામા આવે છે તે મરાઠી અને અંગરેજી આધારે લખવામાં આવ્યું છે. મુખ્ય આધાર તો ઈન્ડીઅન પોલીટીક્સ અને મી૦ હ્યુમના કોંગરેસ સંબંધી એક વ્યાખ્યાનનોજ લીધો છે, અને આશયો અને હેતુઓ તો તેમના ભાષણોમાંથી ભાષાંતરજ છે. મૂળ ભાષાજ કઠીણ ત્યાં અનુવાદ પણ કઠીણ હોય એ નવાઇ નથી. આપણામાના બધા નહિ તો ઘણા કોંગ્રેસ શું છે એ જાણતા નથી. એ જાણવાને કાંઇક સાધન પુરૂ પાડવું એજ આ લખવાનો ઉદ્દેશ છે. આ કામ કરવા, " Fools rush in where angels fear to tread. " જેવું થવાનો સંભવ છે. પરંતુ બીજા કોઈ સાધનના અભાવે આ અલ્પ પ્રયાસથી કોંગ્રેસ શું છે? એનો કાંઇક ખ્યાલ આવશે; અને ભૂલચુક ક્ષન્તવ્ય ગણી હંસવૃત્તીથી સાર ગ્રહણ કરશે તો આ પ્રયાસ ફળીભૂત થયો માનીશ.

લેખક.

ધી ઇન્ડીયન નેશનલ કોન્ગ્રેસ.

વા

રાષ્ટ્રીય સભા.

તેની

ઉત્પત્તિ, આશય અને હેતુઓ.

ધી ઇન્ડીયન નેશનલ કોન્ગ્રેસ વા રાષ્ટ્રીય સભાનું નામ આપણામાંના ઘણાએ સાંભળ્યું હશે, પરંતુ રાષ્ટ્રીય સભા શાથી ઉત્પન્ન થઇ? તેના આશય શા છે? તેના હેતુઓ કયા છે? એથી આપણામાંના ઘણા અજાણ છે. તો આ વિષયપર જે કાંઈ કહીશું તે અયોગ્ય કે અનુચિત નહિ ગણાય એટલુંજ નહિ પરંતુ આ વિષયપર વક્તાઓનાં વ્યાખ્યાનો, ઉપદેશકોના ઉપદેશ, નિબંધકારોના નિબંધ જેટલા લખાય તેટલા થોડા એમ કહેવામાં દોષ નથી

રાષ્ટ્રીય સભાની ઉત્પત્તિનો ઈતિહાસ બ્રિટીશરાજ્યની ઉત્ક્રાંતી સાથે સંબંધ ધરાવે છે, તે અત્રે સવિસ્તાર નહિ લખતા એટલુંજ કહીશુ કે રાષ્ટ્રીય સભા વા નેશનલ કોન્ગ્રેસ ઇંગ્રેજ મુત્સદ્દીઓએ પ્રેરેલા શિક્ષણનું ફળ છે. રાષ્ટ્રીય સભાનું મૂળ બીજ મેકોલે જેવા દૂરદર્શી ઈંગ્રેજ લેખકના ભવિષ્યસૂચક શબ્દમા છે. એ બીજનો વિકાસ વા પરિસ્ફોટન તે શ્રીયુત ભારતવત્સલ હ્યુમના પ્રયત્નનુ ફળ છે

“હિંદુસ્તાનની રાષ્ટ્રીય સભાની મૂળ કલ્પના કાઢવામાં અને તેનું કામ જે પદ્ધતીસર ચાલેછે તે ઠરવામાં તેના સ્થાપન સમયે હિંદુસ્તાનના ગવર્નર જનરલ લોર્ડ ડફ્રીન સાહેબ, કારણભૂત છે. આ વાત ઘણાને માલમ નહિ હોય. ઈ. સ. ૧૮૮૪ માં મી० એલન્ ઓ હ્યુમને એવી કલ્પના સ્ફુરી કે જો હિંદુસ્તાનના પ્રમુખ રાજ્યકાર્યશાળી પુરૂષો વર્ષમાં એકાદવાર અને એક સ્થળે મળી સામાજીક વિષય સંબંધી ચર્ચા કરે તો દેશને ફાયદો થાય. હ્યુમ મહાશયનો વળી એવો પણ વિચાર હતો કે આ મંડળીએ રાજકીય વિષયની ભાજગડમાં ન પડવું. કારણ કે તેમ કરવાથી મુંબાઈ, મદ્રાસ વીગેરે અન્ય સ્થળોની રાજકારણી સંસ્થાઓનું મહત્વ ઓછું થાય. વળી તે મહાશયનો વિચાર એવો પણ હતો કે જે ઈલાકામા તે સભા ભરાય તે ઈલાકાના ગવર્નર સાહેબે તેનું અધ્યક્ષસ્થાન સ્વીકારવું. કારણ તેમ થવાથી સરકારી અમલદાર અને આ દેશના સ્વતંત્ર ધંધા ચલાવનાર રાજકારણી લોકો વચ્ચે મીત્રતા વધે. આ કલ્પના હ્યુમસાહેબના મનમાં ઘોળાયા કરતી હતી. એટલામાં હિંદુસ્તાનનું રાજ્યસૂત્ર

ઈ૦ સ૦ ૧૮૮૪ માં લાર્ડ ડફરીન સાહેબે લીધું. તે પછી વર્ષના આર બી સીમલે ગયા ત્યારે ત્યાં તેમની સાથે હ્યુમ મહાશયની ભેટ થઇ. હ્યુમ મહાશ તમને પોતાનો વિચાર જણાવ્યો. લોર્ડ ડફરીન સાહેબને આ વાત અત્યંત વિચારણીય લાગી. તેના સંબંધમાં કાંઇક વિચાર કર્યા પછી હ્યુમ મહાશયને બોલાવી તેઓએ જણાવ્યું કે તમારી કલ્પનાથી વિશેષ ફાયદો નહિ થાય. પરંતુ તેઓએ એમ જણાવ્યું કે ઇંગ્લાંડમાં જેમ પ્રધાનમંડળી વિરૂદ્ધ એક પક્ષ હોયછે તેમ સરકાર પ્રત્યે બારીક લક્ષ રાખનાર હોય તો ઠીક. વર્તમાનપત્રમાં લોકમતનું યથાર્થ નિદર્શન થાયછે પરંતુ તેપર જેવો જોઇએ તેવો વિશ્વાસ મુકવામા આવતો નથી. એટલા માટે આપણા વિષે અને આપણી રાજપદ્ધતિ વિષે આ દેશના લોકના મનમા શો અભિપ્રાય છે તેનું જ્ઞાન ઈંગ્રેજ રાજકર્તાને નથી માટે જો આ દેશના રાજકાર્યપટુ લોકો વર્ષમા એકવાર મળી રાજકારભારમાં અમુક દોષ છે, અને તે આવી રીતે સુધારવા જોઇએ એવું જો દર્શાવે તો, તેથીકરીને રાજકર્તાને અને રૈયતને ઉભયને લાભ થાય. વળી તે નામદાર સાહેબે એમ પણ જણાવ્યુ કે આ સભાનું અધ્યક્ષસ્થાન ઇલાકાના અધિપતિએ ન સ્વીકારવું કારણ તેમ થવાથી લોકો પોતાના મનોગત અભિપ્રાય જણાવી શકશે નહિ. મી૦ હ્યુમને આ કલ્પના યોગ્ય લાગી. અને જ્યારે મુંબઇ, મદ્રાસ, કલકત્તા વીગેરે અન્ય સ્થળોના રાજકીય અગ્રેસરો સમક્ષ મી૦ હ્યુમની અને લોર્ડ ડફરીન સાહેબની કલ્પના મુકવામા આવી ત્યારે લોર્ડ ડફરીનની સર્વાનુમતિ મંજૂર થઈ, અને તે અમલમાં મેલવા તજવીજ થઇ ત્યારે હવે રાષ્ટ્રીય સભા વા ધી ઇન્ડીયન નેશનલ કોન્ગ્રેસ શી રીતે સ્થાપન થઇ તે તો સ્પષ્ટજ છે. હવે તેના ઉદ્દેશ વા આશય સંબંધી કંઇ બોલીએ. કોન્ગ્રેસના મુખ્ય ઉદ્દેશ ત્રણ છે. અને તે આ મહાન રાજકારણી સભાના ઉત્પાદક મી૦ હ્યુમ નીચે મુજબ દર્શાવેછે.

૧ જે સર્વ ભીન્ન અને પરસ્પર વિરોધીતત્વોની હિંદુસ્તાનની પ્રજા બનેલી તેને રાષ્ટ્રીય ઐક્યમાં લાવવા અર્થાત્ હિંદુસ્તાનના ભીન્ન અને પરસ્પર વિરોધી તત્વોનું રાષ્ટ્રીય ઐક્યમાં સમીલન કરવુ.

૨ આવી રીતે ઐક્ય થએલી પ્રજાની માનસીક, નૈતીક સામાજીક અને રાજકીય ઉન્નતિ ધીમેધીમે કરવી.

૩ હિંદુસ્તાનને ગેરવ્યાજબી અને નુકશાનકર્તા સર્વ ઉપાધીઓને સુધારીને—સ્વરૂપ બદલીને, રૂપાંતર કરીને—હિંદુસ્તાન અને ઈંગ્લાડ વચ્ચેના ઐક્યની વૃદ્ધિ કરવી.

આ તેના મુખ્ય ઉદ્દેશ છે. તમારામાંના સર્વે કોઇ કબુલ કરશે કે આ કોઇપણ પ્રકારે અનિષ્ટ નથી. પરંતુ કવચિત્ કોઈ એમ કહેશે કે આ આદર્શો—Ideal—અતિ ઉચ્ચ છે તો તેના જવાબમાં એટલુંજ કહેવાનું કે આપણા આદર્શ ઉચ્ચ રાખી તેમને પ્રાપ્ત કરતા નિષ્ફળ થવું એ હલકાં આદર્શ રાખી ફળીભૂત કરવા કરતાં ઉત્તમ છે. પણ વારૂ ! આપણે નિષ્ફળ થયા છીએ? નહિ, નહિ. જો કે આપણે પરિપુર્ણ રીતે ફતેહમંદ નીવડ્યા નથી, તોપણ ઘણે અંશે પ્રાપ્ત કરવાને વિજયી નીવડ્યા છીએ. જે આપણે હવે જોઇશું

રાષ્ટ્રીય સભાના આ મુખ્ય ત્રણ હેતુઓ ધ્યાનમાં રાખશો તો તમને આ રાજકીય ઉન્નતિને અર્થે ભગીરથ પ્રયત્ન કરતી મહાસભાના આશય સમજવા સુલભ થઇ પડશે. તે

[illegible] કોન્ગ્રેસ પરોક્ષ રીતે—નૈતિક, માનસીક અને સામાજીક ઉન્નતિને માટે પ્રયત્ન કરશે. પરંતુ પ્રત્યક્ષ રીતે—તો તે રાજકીય ઉન્નતિને માટે પ્રયત્ન આદરશે. આવું સ્પષ્ટીકરણ કરવાનું કારણ એટલુંજ કે કેટલાક એમ કહેછે કે કોન્ગ્રેસ સામાજીક વિષય ચર્ચાવતી નથી. કોન્ગ્રેસ જેવા રાજકીય ઉન્નતિને અર્થે પ્રયત્ન કરતા મંડળે ગુચવાડા ભરેલા સામાજીક વિષયપર શા માટે વખત આપવો જોઇએ? પણ વારૂ, આ સંબંધમાં આપણે આગળ કહીશું. હમણાં તો આપણે તેના આશય છે તે જોઇએ. અહીં પણ હું તમને મારા શબ્દોમા નહિ કહેતાં હ્યુમ મહાશયના શબ્દોમા કહીશ. વળી તેઓ પણ રાષ્ટ્રીય સભાના સ્થાપન સમયે દફતરમા જે નોંધાયેલ છે તેમાથીજ કહેછે. ધી ઇન્ડીયન નેશનલ કોન્ગ્રેસ.વા રાષ્ટ્રીય સભા એટલાસારૂ ઉત્પન્ન થઇછે કેઃ—

"રાજ્યના સર્વે ભાગના જ્ઞાની અને અગ્રણી મનુષ્યોને એક બીજાની સમક્ષ આણી પરસ્પર પરિચયમા લાવવાને હિંદુસ્તાનની રાજકીય ઉન્નતિને અર્થે અંતઃકરણપુર્વક પ્રયાસ કરનારાઓને વર્ષમા એકવાર એકઠા કરી પરસ્પર મિત્રતા વધારવાને-સામાજીક વિષયમા લાગણી ધરાવનાર સર્વે મનુષ્યોને તેવાજ વિષયપર લાગણી ધરાવનાર અન્ય મનુષ્યોના વિચાર અને અભિપ્રાય જાણીને પોતપોતાના અભિપ્રાય સુધારવા વધારવાને—ગાઢ આત્મીય પરસ્પર સંસર્ગથી કોન્ગ્રેસના મેમ્બરોના મનમાથી માત્ર નહિ, પરંતુ સર્વે ઇલાકા અને પ્રાંતો (જ્યા કોન્ગ્રેસ વારાફરતી મળવી જોઈએ એમ ગોઠવણ થઇ છે, ત્યાના અગ્રસરો અને વતનીઓના મનમાથી પ્રાતીક અભિમાન, પ્રાતીક વહિભાવ અને પ્રાતીક ખોટી સમજો નાશ કરવાને—સામાજીક કાર્યને માટે અને સામાન્ય હિતને માટે સર્વે જાતના અને સંપ્રદાયના મુખ્ય અને સ્પષ્ટ બોલનારાઓને એકત્ર કરીને સાંપ્રદાયિક અને જાતિય દ્વેષ જાદુની માફક હાંકી કહાડવાને—આવુ મહાન મંડળ નાણાનો, વખતનો અને પોતપોતાની સગવડોનો ભોગ આપ્યા સિવાય થાય નહિ. માટે જે પ્રાતમા કોન્ગ્રેસ મળવાની હોય ત્યાના મંડળના મેમ્બરોના મનમાથી માત્ર નહિ, પરંતુ બીજા પ્રાતોમાંથી ચુંટી કહાડેલા પ્રતિનીધીઓ જેઓને (વખતે) ચારસેં પાચસેં માઇલની મુસાફરી કરવી પડેછે તે સર્વેને સામાન્ય હિત માટે આત્મવિસર્જનની ટેવ પાડવાને—સ્થાનિક હિત અને સ્વાર્થ નિમગ્નતા ઓછી કરીને, રાષ્ટ્રીય સવાલપર અપાતા યત્નો પ્રત્યે વિશેષ ધ્યાન અપાવીને સાર્વજનીક હિત કરવાની વૃતિનું અને એવા બીજા સત્વોનું પોષણ કરવાને—જેઓ સર્વ તેમા ભાગ લે તેમને માત્ર વાદવિવાદના વિષયમાં નહિ, માત્ર સ્પષ્ટ વિચાર કરવાની શક્તિ ખીલાવવા તે વિચાર સ્પષ્ટ દર્શાવવાના વિષયમા માત્ર નહિ; યથાર્થતા અને બારીક પરિક્ષાની ટેવ પાડવાને માત્ર નહિ, પરંતુ આત્મસંયમ, મર્યાદા શીલતા અને ખુશીથી To give & take આપવું અને લેવું એવું વર્તન પુર્ણપણે શીખવવાને—ખરેખર રીતે તેમને મહાન રાજસભા—પાર્લામેન્ટની રીતીનીતિમાં નિપુણ કરવાને—પ્રતિનીધી વિશીષ્ટ સંસ્થાપનાઓની કામ કરવાની રીતીથી દેશને નિપુણ કરવાને અને આ નિપુણતા જેમજેમ વધે તેમતેમ તેનાથી સરકારને અને ઇંગ્લાંડની પ્રજાને એમ સિદ્ધ કરી આપવું કે હિંદુસ્તાન એવા કોઇપણ સાધનને માટે લાયક છે કે જેને માટે કેળવાએલો વર્ગ આકાક્ષા રાખેછે—છેવટે જુદાજુદા પ્રાંતોમાં ભિન્નભિન્ન લોકોના

વિચાર એકત્ર કરીને, સાંપ્રદાયિક અને પ્રાંતિક બાબતોનું છેદન કરી સામાન્ય પ્રજાનો અવાજ એક કરવા, અને રાષ્ટ્રીય સવાલોપર સર્વાનુમતે ચોકસ નિર્ણયપર આવીને આ નિર્ણયો સરકાર પ્રત્યે વિરોધ ભાવથી નહિ પણ મિત્રભાવે આગ્રહપુર્વક—અમલમાં લાવવા —મોકલવા ”

આ ઉપરથી તમને સમજાયું હશે કે કોન્ગ્રેસના હેતુઓમા કાંઇજ નુકશાનકારક નથી. મુસલમાન ભાઇઓને કે બીજાઓને આમાં વાધો લેવા જેવુ શું છે? કાંઇજ નહિ. હ્યુમ મહાશય લખેછે કેઃ—But the fact is that if rightly understood, there is not one of the reforms, which have been advocated by the Congress to which, again I repeat when rightly understood any sensible and good man will take the least objection—“પણ સત્ય વાત તો એ છે કે જો યથાર્થ સમજે તો કોન્ગ્રેસે એવો એક પણ સુધારો હિમાયત નથી કર્યો જેને હું ફરીથી કહું કે જો યથાર્થ સમજવામાં આવે તો કોઇ ડાહ્યો અને સારો માણસ જરાજ પણ વાંધો લઇ શકે” આવુ છતાં કેટલા વાધા લેનાર મળી આવેછે, તેઓ શું કહેછે તે આપણે જોઇએ કેટલાક કહેછે કે હિંદુઓનો સમુહ વધારે હોવાથી તેઓ ફાવશે તેમ કરશે આ શું શકય છે? કોન્ગ્રેસના આશયો હેતુઓ પરથીજ એમ સાફ જણાઈ આવશે કે એ તદ્દન અસત્ય છે કોન્ગ્રેસસભા તે માત્ર રાષ્ટ્રીય સવાલોપર સર્વાનુમતે ચોકસ નિર્ણયપર આવવાનો પ્રયત્ન કરશે, એમ આપણે આગળ કહ્યુ છે તેને કાંઇ સાંપ્રદાયિક, જાતિય કે પ્રાંતિક સવાલ સાથે સબંધ નથી વળી કોન્ગ્રેસ આજ સાર ૧૭ વરસથી મળે છે ત્યા શું કદી એવો પ્રસગ બન્યો છે? નહિજ. બીજો વાધો એમ લેવામા આવે છે કે મુસલમાન વર્ગ કોન્ગ્રેસથી અલગ રહેછે. આ વાત તદ્દન અસારરૂપ છે. આપણા મુંબઇના નામાંકિત જડજ બદ્રુદ્દીન તયબજી કોણ છે. મરહુમ મી० રહીમતુલ્લા સયાણી કોણ હતા. નામદાર બદ્રુદ્દીન તયબજી અને મરહુમ મી० સયાણી કોન્ગ્રેસના પ્રમુખસ્થાને બિરાજવાને ભાગ્યશાળી થયા હતા

હૈદ્રાબાદના રેવન્યુ મિનીસ્ટર મેહદીઅલી કાન્ગ્રેસ પ્રત્યે કેવો ભાવ ધરાવે છે? હૈદ્રાબાદના પ્રખ્યાત બારીસ્ટર હમીદઅલ્લીખાન કોણ છે? આ સર્વે કેળવાયેલા મુસલમાન છે. વળી ગઇ કલકત્તા કોન્ગ્રેસમા બસેં ત્રણસેં મુસલમાનભાઇઓએ ભાગ લીધો છે. વળી હૈદ્રાબાદના એક પ્રખ્યાત વજનદાર અમલદારે જાહેર કાગળ લખી કોન્ગ્રેસ પ્રત્યે મુસલમાનોનો ભાવ જણાવી આપ્યોછે. માટે મુસલમાન વર્ગ કોન્ગ્રેસથી અલગ છે એમ કેમ કહેવાય?! વળી (મુંબાઇના એક અઠવાડીક પત્રે) એમ જણાવ્યુ હતું કે કોન્ગ્રેસમાં પારસીઓ થોડા ભાગ લે છે. આ વાત તદ્દન અઘટિત ખરેખર બનાવટ છે. આપણા મુંબઇ ઇલાકાના રાજકીય અગ્રણી ઓ० મી० ફીરોજશા મેરવાનજી મેહેતા કોણ છે? ગઇ કલકત્તા કોન્ગ્રેસના પ્રમુખ સ્વદેશભકત મી० વાચ્છા કોણ છે? એ તો ઠીક પરંતુ ગુર્જરરત્ન રાજનૈતિક કુળ તિલક માનનીય દાદાભાઇ નવરોજજી જેનું નામ લેતા હરેક ભારતવાસી મનમા પ્રેમ ઉત્પન્ન થાય છે, તેઓ કોણ છે? પારસીજ (એ અઠવાડીક પત્રને મુંબઇ જાણીતા ગુજરાતી પત્રે આપેલો જવાબ જોવો.) કેટલાક જેઓ સંસાર સુધારકો હોય ?

તેઓ ... વે છે કે જ્યાં સુધી સંસાર સુધારો પુરો થયો નથી ત્યાં સુધી રાજકીય સુધારાનો સંભવ નથી. આ વાતની યથાર્થતા શી રીતે સીદ્ધ કરવી તે તેઓ જાણતા નથી. સંસાર સુધારાની સાથે રાજકીય સુધારાને શો સંબંધ છે? ઉદાહરણ તરીકે એક રાજકીય સુધારો જેવો કે સ્થાયી જમાબંધી કે હિંદુસ્થાનનાપર મીઠાપર લેવામા આવતો અઘટિત વેરો હ્યો. આ રાજકીય સવાલને સંસાર સુધારા સાથે શો સબંધ છે? શું આપણે બાળલગ્ન અટકાવીએ નહિ. બાળવિધવાઓના દુઃખ ટાળીએ નહિ ત્યાં સુધી આપણે રાજકીય સુધારો સરકાર પાસે માગવાને અયોગ્ય છીએ ? કદી નહિ. અમદાવાદમાં જ્યારે બંગાળાના પ્રખ્યાત ડા૦ શરતકુમાર મુલીક આવ્યા અને પ્રેમાભાઇ હોલમાં જાહેર ભાષણ આપ્યુ તે સમયે દી૦બા૦ અંબાલાલભાઈએ ઉચ્ચારેલા શબ્દો ધ્યાન લેવા જેવાછે "Should political reform wait till complete social reform is achieved?" જ્યા સુધી સંસાર સુધારો પુર્ણ રીતે મેળવી શકીએ ત્યા સુધી શું રાજકીય સુધારાએ રાહ જોવી ?! સંસાર સુધારાની પણ અતિશય જરૂર છે તેની કોઇ ના પાડતુ નથી, પરંતુ કોંગરેસથી તે થઈ શકવો અસંભવીત છે. કારણ કે કોંગરેસમા પારસી, હિંદુ, મુસલમાન, ખ્રીસ્તી યાહુદી વગેરે લોકો મળેલા હોય છે. હવે પારસીમા સંસાર સુધારો જુદો. મુસલમાનભાઇઓમા જુદો હિંદુઓમા જુદો પણ રાજકીય સુધારો તો સર્વેને માટે એક મારૂ તે સંભવિત છે.

પૈસા જે કોંગરેસને માટે ખરચ થય છે તેને માટે પણ વાંધો લેનાર મળી આવે છે તેઓ કહે છે કે "તમે તો માત્ર રાજકીય સુધારો હિમાયત કરો છે, માત્ર બોલ્યાજ કરોછો અને તેને માટે લખલૂટ ખરચ કરો છો." આવા લોકોને આપણે એકજ પ્રશ્ન પુછીશું "તમારો જ્યારે હાઈકોર્ટમાં કે બીજી કોઇ કોર્ટમાં જ્યારે મુકરદમો ચાલવાનો હોય છે ત્યારે તમે વકીલો અને બારિસ્ટરોને એટલા બધા પૈસા શા માટે આપોછો? તેઓ પણ બોલ્યાજ કરે છે. તે પણ હિમાયત કરે છે તેઓ બીજુ કશું કરતા નથી. તોપણ એટલા બધા પૈસા આપણે આપણા હિતને માટે આપવા યોગ્ય ધારીએ છીએ. ત્યારે કોંગ્રેસ જેવા એક મહાન મંડળને આપણા—આપણા માત્ર નહિ પરંતુ આપણા છોકરાના અને જન્મભુમિના કલ્યાણને માટે શા માટે ન આપવા !! તેઓ શું માત્ર ઠરાવ પ્રસાર કરે છે? નહિ નહિ. તેઓની કેટલીક રચનાપર સરકારે ધ્યાન આપ્યુ છે. આપણે કોંગ્રસના વિરોધીઓ શું કહે છે તે જોયુ. તેઓ જે કહે છે તેમા કાંઈ દમ નથી. હવે આપણે પાછા કોંગરેસના ઇતિહાસ તરફ વળીએ.

કોંગરેસ આજ સતત્ ૧૭ વરષથી મળે છે. એકંદર તેની સત્તર બેઠક થઈ છે. સર્વેને સગવડ પડે માટે કોંગરેસ ડીસેમ્બર માસની નાતાલની રજામા મળે છે. તેમાં હિંદુસ્તાનના સર્વે દેશના સર્વે ધર્મના માણસો મળે છે તેમા ઘણા પ્રાંતની વજનદાર સભાઓ તરફથી અને મુખ્ય શહેરો તરફથી પ્રતિનીધીઓ આવે છે. આ કોંગરેસમાં આપણા દુઃખના વિષયો ચર્ચાય છે તે પર આપણી માયાળુ સરકારનું ધ્યાન ખેંચવાને પ્રયત્ન થાય છે અને તેથી કેટલાક ફાયદા પણ થયા છે. તેના પ્રતિનીધીઓ ઉત્તરોત્તર શુકલ પક્ષના તે નીચેના કોષ્ટકપરથી સ્પષ્ટ જણાઈ આવશે.

પ્રતિનિધિઓની સંખ્યા.

ઈલાકો અગર પ્રાંત.	પહેલી મુંબઈ ઈ૦ સ૦ ૧૮૮૫.	બીજી કલકત્તા ઈ૦ સ૦ ૧૮૮૬	ત્રીજી. મદ્રાસ ઈ૦ સ૦ ૧૮૮૭	ચોથી. પ્રયાગ ઈ. સ ૧૮૮૮	પાંચમી. મુંબઈ. ઈ૦ સ૦ ૧૮૮૯
મદ્રાસ	૨૧	૪૭	૩૬૨	૯૫	૩૩૬
મુંબાઈ અને સિંધ	૩૮	૪૮	૫૯	૧૬૩	૮૭૧
પંજાબ	૩	૧૭	૬	૮૦	૯૨
વાયવ્ય પ્રાંત અને અયોધ્યા..	૭	૬૪	૪૫	૫૮૩	૨૨૧
મધ્યપ્રાત અને વરાડ....		૧૦	૧૩	૭૩	૨૧૪
બંગાળા, બહાર, ઓડીઆ અને આસામ.	૩	૨૪૦	૭૯	૨૫૪	૧૫૫
કુલ	૭૨	૪૩૬	૬૦૭	૧૨૪૮	૧૮૮૯

આ ઉપરથી કોન્ગ્રેસની દીનપ્રતિદીન વૃદ્ધિ થઇ છે, વળી ૧૮૯૦ કલકત્તા ૬૭૦. ૧૮૯૧ નાગપુર ૮૧૨ ૧૮૯૨ મા અલાહબાદ ખાતે ૬૨૫. ૧૮૯૩ મા લાહોર ૮૬૭. ૧૮૯૪ મા મદ્રાસખાતે ૧૨૦૦. ૧૮૯૫ પુના ખાતે ૧૫૮૪. ૧૮૯૬ કલકત્તા ૭૮૪. ૧૮૯૭ ઉમરાવતી ૬૯૨. આ વૃદ્ધિની સાથે તમામ જુદાજુદી કોમના માણસો પણ ભાગ લેછે તે નીચેના કોષ્ટકપરથી જણાશે.

પ્રતિનિધિઓ.

			ખ્રિસ્તી.						
બેઠક.	હિંદુ	મુસલમાન	યુરોપીઅન યુરેઝીઅન.	આ દેશના.	જૈન.	શીખ.	યાહુદી	પારસી	ટોટલ.
પહેલી.	૫૮	૨	૧	૨	૧			૮	૭૨
બીજી,	૩૮૭	૩૩	૧	૫	૨	૨		૬	૪૩૬
ત્રીજી.	૪૯૨	૮૧	૧૦	૧૫	૪			૫	૬૦૭
ચોથી.	૯૬૫	૨૨૧	૧૬	૨૨	૧૧	૬		૭	૧૨૪૮
પાંચમી.	૧૫૦૨	૨૫૪	૨૩	૩૧	૩૧	૩	૧	૪૪	૧૮૮૯

આ ... ણારો હવે કોન્ગ્રેસમાં સર્વે કોમના લોકો ભાગ લેવા લાગ્યાછે, અને હવે તો અંગ્રેજી ઈન્ડીયન પત્રકારો પણ કોંગ્રેસને પસંદ કરેછે. પહેલી રાષ્ટ્રીય સભા ઈ. સ. ૧૮૮૫ માં મુંબઇમાં મળી તે સમયે ૭૨ પ્રતિનીધી હાજર હતા. અધ્યક્ષસ્થાને કલકત્તાના પ્રસિદ્ધ ગૃહસ્થ ડબલ્યુ. સી. બોનરજી હતા. ઈંગ્લાંડમાં તે સમયે કેટલાકે એમ જણાવ્યું જે હિંદુસ્તાનમાં૧૮૫૭ના જેવો બળવો થયો. પાયોનીયર જેવા પત્રોએ બાલ-રાષ્ટ્રીયસભા પ્રત્યે યથેચ્છ ગાલી પ્રદાન કર્યું. બીજી રાષ્ટ્રીય સભા ઇ. સ. ૧૮૮૬ માં કલકત્તા ખાતે મળી અધ્યક્ષસ્થાને આપણા ભલાને માટે તનમન અને ધનથી યત્ન કરતા દેશભક્ત શિરોમણી દાદાભાઇ નવરોજજી હતા. ત્રીજી રાષ્ટ્રીય સભા મદ્રાસમાં ભરાઇ તે સમયે અ-ધ્યક્ષ સ્થાને મુંબઇના નામાંકિત બારિસ્ટર અને હાલમાં મુંબઇની હાઇકોર્ટના જડજ બદ્રુ-દ્દીન તયબજી હતા. ચોથી રાષ્ટ્રીય સભા ઇ. સ. ૧૮૮૮ મા મળી હતી તે સમયે પ્રમુખ કલકત્તાની પેઢીવાળા મી૦ જ્યોર્જ યુલ હતા તે સમયે વિલાયતથી મી૦ કેઇન, ડીગબી વીગેરે ૫૦ યુરોપીયન આવ્યા હતા. પાંચમી ઈ. સ. ૧૮૮૯ મા મુંબઇ ખાતે મળી. અધ્યક્ષસ્થાને આપણા હિતને માટે વિલાયતમા યત્ન કરતા મી૦ વીલીયમ વેડરબર્ન હતા. આ પાંચમી બેઠકની વખતે સુપ્રસિદ્ધ વક્તા અને હિંદ હિતેષી મી૦ ચાર્લ્સ બ્રેડલા આ-વ્યા હતા આખી સભા તેમના ભાષણથી વિસ્મય ચકીત થઇ ગઇ. તેઓએ હિંદના હિતને માટે પ્રયત્ન કરવાનો ... સંકલ્પ ... સભામા ... કર્યો. પરંતુ દૈવેચ્છાથી આ ... ૧૮૯૦ મા કલકત્તા ખાતે મળી અધ્યક્ષસ્થાને આપણા ઈલાકાના રાજદ્વારી અગ્રેસર ઓનરેબલ મી૦ ફીરોજશા મેરવાનજી મેહેતા હતા. સાતમી ૧૮૯૧ માં નાગપુર ખાતે મળી અધ્યક્ષસ્થાને મદ્રાસના રાવબહાદુર આનંદાચારલુ હતા. એકઠા મળેલા પ્રતિનીધી સમક્ષ કોન્ગ્રેસ બંધ કરવાનો સવાલ નીકળ્યો હતો તે વખતે મી૦ બોનરજીના "Abandon life abandon congress" પ્રાણ ત્યાગો તો કોન્ગ્રેસ ત્યાગો એવા વિરત્વ ભરેલા ભાષણથી બંધ કરવામા આવ્યો.

આઠમી કોન્ગ્રેસ ઇ૦ સ૦ ૧૮૯૨ માં અલ્હાબાદખાતે ભરાયમા આવી. પ્રમુખ સ્થાને મુંબઈના પહેલી કોન્ગ્રેસના અધ્યક્ષ મી૦ ડબલ્યુ. સી. બોનરજી હતા. નવમી રા-ષ્ટ્રીય સભા ઇ૦ સ૦ ૧૮૯૩ લાહોરખાતે મળી તે સમયે અધ્યક્ષસ્થાને આપણા સ્વદેશ ભક્ત દાદાભાઇ નવરોજજી જેઓ વૃદ્ધવયે ઈંગ્લાંડ રહી દેશસેવા કરેછે તેઓ હતા. દ-શમી કોન્ગ્રેસ મદ્રાસ ખાતે ઇ૦ સ૦ ૧૮૯૪ મા ભરાઇ ને સમયે પ્રમુખ મી૦ આલ્ફ્રેડ વેબ હતા. આ ગૃહસ્થ આયર્લાંડ તરફથી પાર્લામેન્ટમાં બીરાજતા હતા તેઓ હિંદુસ્તાન માટે લાગણી ધરાવછે. ૧૧ મી કોન્ગ્રેસ ઇ૦ સ૦ ૧૮૯૫ માં પુનાખાતે મળી. અધ્યક્ષ સ્થાને આપણા સુપ્રસિદ્ધ વક્તા ઓનરેબલ મી૦ સુરેન્દ્રનાથ બોનરજી હતા, તેઓ "બં-ગાળી" નામના દૈનિક પત્રના અધિપતિ છે. ૧૨ મી કોંગ્રેસ મદ્રાસખાતે મળી તે સમયે પ્રમુખસ્થાને મહુંમ રહીમતુલ્લા સયાણી હતા. ૧૩ મી કોન્ગ્રેસ ઉમરાવતી ખાતે ઇ૦ સ૦ ૧૮૯૭ માં મળી અધ્યક્ષ મદ્રાસના ઓનરેબલ મી૦ શંકર નાયર હતા. ૧૪ મી રાષ્ટ્રીય સભા ઇ૦ સ૦ ૧૮૯૮ માં મદ્રાસખાતે મળી તે સમયે પ્રમુખ કલકત્તાના એક આગેવાન ગૃહસ્થ ઓનરેબલ મી૦ આનંદ મોહન વસુ હતા. ૧૫ મી ૧૮૯૯ માં લખનૌખાતે મળી

અધ્યક્ષસ્થાને માનનીય મી० રમેશચંદ્ર દત્ત હતા. આ ગૃહસ્થ ...રીક
સરકારના મોટા અમલદાર હતા. હાલ તેઓ ઈંગ્લાંડમાં રહી આ... ...બધી ઉપાયો
યોજેછે. ૧૬ મી રાષ્ટ્રીય સભા લાહોરખાતે ઈ० સ० ૧૯૦૦ મા મળી તે સમયે અધ્યક્ષ
ન્યાયમુર્તિ નારાયણ ગણેશ ચંદાવરકર હતા, તેઓ મુબંઈની હાઇકોર્ટના જડજ છે અને
સંસારસુધારામાં આગળ પડતો ભાગ લેછે ૧૭ મી કોન્ગ્રેસ ઇ० સ० ૧૯૦૧ માં મળી
અધ્યક્ષસ્થાને આપણા રાજદ્વારી અગ્રણી દેશભક્ત મી० વાચ્છા હતાં, ૧૭ મી રાષ્ટ્રીય
સભા એક મહાન ફતેહ લેખાયછે. તેમા મુસલમાનભાઇઓ સંખ્યાબંધ હાજર હતા.
અધ્યક્ષનું ભાષણ અત્યંત વિચારણીય છે એમ એંગ્લોઇન્ડીયન પત્રકારો પણ કબુલ કરેછે
ઘણા એવો પ્રશ્ન કરેછે કે કોન્ગ્રેસ વા રાષ્ટ્રીય સભાથી શા લાભ થયાછે? અમે કહીએ
છીએ કે કોન્ગ્રેસથી દેશને ઘણા લાભ થયાછે. ભારતવર્ષના જુદાજુદા સ્થળના માણસો
એક સ્થળે મળી પોતપોતાના વિચાર એક બીજાને જણાવે એ શુ થોડી વાત છે? આ
એક સ્થળે મળવાથી જુદાજુદા પ્રાંતના માણસો મળવાથી તેઓ વચ્ચે મિત્રાચારી વધી
છે અને દ્વેષભાવ ઓછો થયે છે. આપણા આગેવાન લોકો આપણી રાજ્યવ્યવસ્થા સં-
બધી શો વિચાર ધરાવેછે તે આપણે કોન્ગ્રેસદ્વારા જાણી શકીએ છીએ. આપણામાં જા-
તિમત્સર છે તે અવનતિનુ કારણ છે. આગળ મુસલમાનો કોન્ગ્રેસમા નહિ જેવો ભાગ
લેતા. હવે તેઓ ભાગ લેવા લાગ્યાછે. આમ જાતિમત્સર દિવસે દિવસે ઓછો થવા માંડયો
છે. આ કોન્ગ્રેસની એક શાખા વિલાયતમાં છે તે ત્યા આપણા હિતસંબંધી ઉપાય કરે
છે તેથી પણ ઘણા ફાયદા થયાછે પૂર્વે આપણા સુખદુખની વાત વિલાયતના લોકો સાંભ-
ળતા નહોતા ત્યાંની પાર્લામેન્ટની સભામા જ્યારે આપણા દેશ સંબંધી ચર્ચા નીકળે
ત્યારે ઘણા સાભળતા નહિ, ઘણા બહાર જતા રહેતા વીગેરે વીગેરે થતું. પણ આ કો-
ન્ગ્રેસથી એટલો તો ફાયદો થયોછે કે કે હવે તેમાના થોડાઘણા આપણા સુખદુખની
વાતપર ધ્યાન આપેછે. આપણા હિતસબંધી ચર્ચા કરેછે, કોન્ગ્રેસથી મોટો ફાયદો તો એ
થયોછે કે સ્થાનીક અને સુપ્રિમ કાયદા કૌન્સીલમા પ્રતિનિધી મોકલવાનો હક્ક મળ્યોછે.
આથી અનેક લાભ થય.છે. આપણા પ્રતિનિધીઓ આપણા હિતસંબંધી અનેક પ્રશ્ન પુછે
છે અને નામદાર ગવર્નર સાહેબનું ધ્યાન ખેચેછે. દુકાળ પડે તો આપતા ઈલાજ લેવા,
દુકાળકામ ઉઘાડવા, વર્ષાદ ન પડે તો જમીનમહેસુલ માફ કરવી, પોલીસનો અત્યાચાર
કોઇનાપર થયો હોય તો તે સંબધી વિચાર કરવા સુચવેછે આથી નામદાર સરકાર આ-
પણા દુઃખ જાણી શકેછે. આ હક્ક માગવા આપણે કોન્ગ્રેસદ્વારા મેળવવાને ભાગ્યશાળી
થયા છીએ. આ હક્ક ન મળ્યો હોત તો આપણા માનનીય મી० ગોકળદાસ કહાનદાસ
પારેખના યત્નથી મી० મેકોનોકીની તપાસ ન થઈ હોત. કોન્ગ્રેસની ચર્ચાથી વળી બીજા
લાભ થયાછે, દુકાળકમીશન, રોયલ કમીશન, વેલબી કમીશન વીગેરે કોન્ગ્રેસની ચરચાનું
પરિણામ છે. આપણાં અનેક દુઃખ બાકી રહ્યાછે પણ બંધુઓ! જો આપણે પ્રયત્ન કરીશું
તો વિજયી નિવડીશું. આપણાપર માયાળુ ઈંગ્રેજ સરકાર રાજ્ય કરેછે. આપણાપર ઈંગ્રેજ
લોકોના રાજ્યથી ઘણા ફાયદા થયાછે. આપણને અગાડી ચોર લુટારાનો ભય હતો. આપણી
માલમિલકતની સલામતી વિષે સતત્ ચીંતા રહે. આપણાપર અત્યાચાર કરનારને માટે

પોલીસ છે આ … પહેલાં મુસાફરી કરવાને સાધન નહોતાં આપણે હવે રેલગાડીમાં મુસાફરી કરીએ છે. આપણા સુખને માટે દવાશાળાઓ, પોસ્ટ ઓફીસો, તાર ઓફીસો નિશાળો અને કોલેજો થઈછે. પરંતુ આ સુખની સાથે દુઃખ પણ છે. આપણા જેવી ગરીબ પ્રજા બીજી નથી. આપણા ઉપર નાના પ્રકારનો કરનો બોજો વધી ગયોછે રોજગાર ઉપર કર, મુકદમા ઉપર કર, કાપડ ઉપર કર; એટલુંજ નહિ પણ ખાવાના મીઠા ઉપર પણ કર. એ સર્વ કરના બોજાથી આપણે ચગદાઈએ છીએ. આપણો કેસ ચલાવવાનો હોય તો સ્ટાંપના કાગળપર લખીને ફરીઆદ કરવી જોઇએ ગરીબ લોકો જેઓ સ્ટાંપના પૈસા ન આપી શકે તેઓ ફરીઆદ શી રીતે કરી શકે? એવું કહેવામાં આવેછે કે સ્ટાંપનો ખરચ કોરટોના નિભાવને માટે લેવામા આવેછે. જો આમ હોય તો કલકત્તાના માજી પ્રધાન જડજ અથવા ન્યાયાધિશ સર રીચર્ડ ગાર્થ કહેછે કે સ્ટાંપ ટેકસ ઓછો કરવો ઉચીત છે. મીઠા ઉપર કર લેછે તે ખરેખર અયોગ્ય છે. ગરીબમા ગરીબ ભીખારીને પણ મીઠા વગર ચાલતું નથી ને મીઠું તો મોઘું થયુછે. સમુદ્ર કાંઠે ગામામા પૈસાનુ બશેર મીઠું મળેછે અને અહિં તો બશેરના પાંચ પૈસા આપવા પડેછે. હિંદુસ્તાનમા ગોરા લોકેનું મોટુ સૈન્ય રાખે છે તેનુ ખરચ પણ આપણે આપવું પડેછે. સરહદપરના મોટા ખરચો હિંદુસ્તાનની તીજોરીમાથી ભરેછે આપણને હથિઆર રાખવાનો અધિકાર નથી. ગામડામાં વાઘ વરૂ નુકશાન કરેછે, પણ બીચારા લોકો હથિઆર વિના શું કરે? આપણા ખેડુતોની સ્થિતિ અત્યંત ખરાબ છે, તેઓ બિચારા અત્યંત દરિદ્ર છે હિંદુસ્તાનના જેવો સખ્ત દુકાળ બીજે કોઈ ઠેકાણે નહિ હોય. મી૦ થોર્બર્ન પંજાબના માજી ફાઈનેન્શલ કમીશનર કહેછે કે ‘દુકાળનું પ્રાબલ્ય અને આયુષ્ય વધ્યુછે. બ્રિટીશ હિંદનો અડધા કરતા વધારે ભાગ ગુલામ જેવી સ્થિતિમાં આવી ગયોછે.” ગોરા લોકના પગારનું ખરચ ઘણું છે; ૬૯૨૭ ગોરા લોકોને ૭,૩૩,૬૧,૯૯૦ રૂપીઆ પગાર મળેછે. જ્યારે ૭,૬૦૧ દેશીઓને ૨૪,૮૨,૮૯૦ રૂપીઆ મળેછે. આપણા નામદાર ગવર્નર જનરલ સાહેબને દરમાસે ૨૦,૮૩૩ રૂપીઆ પગાર મળેછે તે સીવાય ઘરખર્ચના દસ બાર હજાર જુદા હશેજ. પરંતુ આપણા શહેનશાહના મુખ્ય મુખ્ય પ્રધાનને માત્ર ૫૦,૦૦૦ રૂપીઆ મળેછે જર્મનના બળિષ્ટ રાજ્યના મુખ્ય પ્રધાનને માત્ર ૩૬,૦૦૦ રૂપીઆ મળેછે. આ લખલૂટ ખરચ હિદુસ્તાનની ગરીબ પ્રજા આપેછે.

વીગેરે આપણાં અનેક દુઃખ છે. જેમાંના થોડા ઉપર વર્ણવ્યાછે. કોંગ્રેસ શું છે? એ જણાવવાને અગાડી યત્ન કર્યોછે તથાપી ફરીથી એકવાર ટુંકામા જણાવીએ છીએ જે કોંગ્રેસ વા રાષ્ટ્રીય સભા આપણા દુઃખ નિવારવાને યત્ન કરનાર મહાન મંડળ છે—તે એક મોટી સભા છે. આપણા દેશના મોટા માણસો એકઠા મળીને આ સભા કરેછે. આ સભામાં પારસી, બંગાળી, મરાઠી, પંજાબી, ગુજરાતી, હિંદુ, મુસલમાન, સર્વે માણસો ભાગ લેછે, મોટા બેરિસ્ટરો, વકીલો, વેપારીઓ અને સામાન્ય માણસો પણ ભાગ લેછે, વિલાયતથી સાહેબ પણ આવેછે. સર્વે મળીને આપણા દુઃખનો વિષય ચર્ચાવેછે અને આપણી કેટલીક અડચણો કાયદેસર રીતે સરકાર સમક્ષ મુકેછે. આપણી માયાળુ સરકાર આપણા ભલાને માટે પ્રયત્ન કરેછે. પણ તે વિદેશી છે. આપણી સઘળી હરકતો તેમને જાણી શકવાનો સંભવ નથી. આપણો જે ધર્મ તે તેમનો ધર્મ નથી, આપણી જે ભાષા તે તેમની ભાષા

નથી. આપણી જે જાતિસમાજ તે તેમની નથી. આપણાં દુઃખ કર તેઓ શી રીતે જાણી શકે? કોન્ગ્રેસ આપણાં દુઃખ સરકારને જણાવવાને આપણને મદદ કરેછે. તેમાંના કેટલાક ફાયદા મેં આગળ જણાવ્યાછે. તે આજ સત્તર વરસથી મુંબઈ, કલકત્તા પૂના, અલ્હાબાદ, લખનૌ, નાગપૂર એમ હિંદુસ્તાનમાં દરવરસે જુદેજુદે ઠેકાણે મળેછે. સર્વે કોઇને હરકત ન પડે માટે આપણાં આ દુઃખનિવારણ કરવાને પ્રયત્ન કરનાર સભા નાતાલની રજામાં મળે છે. જે સ્થળે આ સભા મળેછે તે ઠેકાણાના લોકો કોન્ગ્રેસમાં આવનાર માણસોને અડચણ ન પડે માટે ખાવાપીવા વગેરેનો બંદોબસ્ત મોટા આનંદથી કરેછે. આ વખતે આ કોન્ગ્રેસ અમદાવાદ ખાતે ભરાશે એ નક્કી થયુંછે. કોન્ગ્રેસ ગુજરાતી ને મરેઠી, પંજાબી ને બંગાળી, મદ્રાસી વ આસામી, હિંદુ અને મુસલમાન સ્ત્રી અને પુરૂષ સઉનાં સુકલ્યાણને અર્થે પ્રયત્ન કરેછે. કોન્ગ્રેસ અહીભરાશે. જુદાજુદા ગામથી અને દેશથી અહીં માણસો આવશે. આપણા સુખનો વિચાર કરશે અને આપણી હરકતો કાયદેસર રીતે સરકારને જણાવશે. તે દૂર કરવા પ્રયત્ન કરશે. આપણે આપણા એક મુકદ્દમાને માટે આપણાં દુ ખનિવારણ કરવાને માટે જ્યારે એક વકીલ કે બેરીસ્ટરને એટલા બધા પૈસા આપીએ છીએ ત્યારે શું આપણે કોન્ગ્રેસને માટે મદદ નહિ કરીએ? કોન્ગ્રેસને માટે અહીં માંડવો બાંધવાની જરૂર પડશે, તેમા આવનાર માણસોને માટે ખાવાપીવા વીગેરે બંદોબસ્ત કરવો પડશે, તેમને સુવા પાથરવાને માટે તજવીજ કરવી પડશે, તેમને રહેવાને માટે સગવડ કરવી પડશે. આ સર્વને માટે ઘણાજ નાણાની જરૂર પડશે. વળી વિલાયતમાં આ કોન્ગ્રેસની એક નાની શાખા છે તે વિલાયતના લોકોને આપણે શાં શા દુઃખ છે, અને તે શી રીતે નીવારણ થઈ શકે તે જણાવવાને અથાગ મહેનત કરેછે તેને માટે પણ ખર્ચની રકમ મોકલવી પડેછે. આ બધું કોને માટે? આપણા ભલાને માટે આપણા છૈયાં છોકરાંના હિતને માટે. આપણી પ્રિય ભૂમિના કલ્યાણને માટે. ત્યારે આપણામાં એવો કોણ છે કે જે કોન્ગ્રેસને બનતી મદદ નહિ કરે? એવો કોણ નિચ છે કે પોતાના દેશને માટે યત્ન નહિ આદરે?! એવો કોણ અધમ છે કે પોતાના છોકરાંનું કલ્યાણ નહિ ઇચ્છે? સઉ કોઇ ઇચ્છશેજ. આ કોન્ગ્રેસને માટે માણસની જરૂર, પૈસાની જરૂર છે તે આપણે આપણા હિતને અર્થે પુરી પાડવી જોઇએ. બનતી મદદ કરવી જોઇએ. એવો કોણ અધમ છે કે આ પોતાની જનની જન્મભૂમિને માટે એક પૈસો નહિ આપે? ગુજરાતમાં ઘણા માણસો વસેછે. જો તેઓ ધારે તો આ મહાનકાર્ય થોડા સમયમાં પાર પાડી શકે. ગરીબ ગરીબ પ્રમાણે, તવંગર તવંગર પ્રમાણે, દેશના કલ્યાણ માટે, આપણા હિતને માટે, બંધુઓના સ્નેહને માટે અને આપણા છોકરાના વાત્સલ્યને તથા સુખને માટે બનતી મદદ કરવી જોઇએ. આપણામા કહેવત છે કે ટીંપે ટીંપે સરોવર ભરાય તે પ્રમાણે યથાશક્તિ સૌ કોઈ મદદ કરે તો આ મહાન શુભકાર્ય પાર પડે. ગરીબે એમ ન જાણવું જે આટલે શું થશે. સૌ સૌના ગજા પ્રમાણે ફુલ નહિ તો ફુલની પાંખડી જે બને તે દેશસેવા કરવી. ધર્મના કામમાં ઢીલ કરવી નહિ. દશ બાર જણાએ મળી પોતાના ગામથી એકઠા મળી ઉઘરાણું કરી (કોન્ગ્રેસના જનરલ સેક્રેટરી અમદાવાદ) એ સીરનામે મોકલેશે તો ઘણા આભાર સાથે સ્વીકારવામા આવશે. સૌ કોઇએ દેશસેવા કરતા ચૂકવું નહિ. આપણું

માયાં ... [illegible] ... રણ પામી છે, તે આપણે માટે બહુ દયા ધરાવતી હતી. તેણે જ્યારે હિંદુસ્તાન ... [illegible] હાથમાં લીધું ત્યારે કહ્યું છે કે "કાળા ગોરાનો, ધર્મસંપ્રદાયનો ભેદ ન ગણતાં સ... [illegible] સમાન અધિકાર આપવામાં આવશે" તે મહારાણી હવે નથી. હવે તેમના પુત્ર મહારાજ ... [illegible] એડવર્ડ ગાદીએ બીરાજે છે. તે આપણાં દુઃખ જાણશે તો અવશ્ય નિવારવાને ... [illegible] કોન્ગ્રેસ આપણાં દુઃખ તેમને જણાવશે કે "મહારાજ ગોરા અને કાળામાં ભેદ ... [illegible] ... વો જોઈએ? અમે પણ તમારી પ્રજા છીએ. માબાપને તો સર્વ સમાન હોય ... [illegible] ... ભણેલા લોકોને સારી ચાકરી શા માટે ના આપવી જોઈએ? ગોરાબર શા ... [illegible] ... વો જોઈએ? વીગેરે વીગેરે, વિશેષ શું કહીએ. બસી રહીશું તો લાભ નહિ ... [illegible] ... રીશું તો સિદ્ધિ પ્રાપ્ત થશે. આજ નહિ તો કાલ, કાલ નહિ વર્ષે, વર્ષે નહિ ... [illegible] ... વર્ષે અવશ્ય ફળ પ્રાપ્ત થશેજ. ... [illegible] ... ખનિવારવાને રાષ્ટ્રીય સભા સ્થપાઈ છે; માટે સૌએ તનથી અને ધનથી જે ... [illegible] ... બને ... આપણા હિતને અર્થે માયાળુ ઈંગ્રેજ રાજ્યયત્ન કરેછે તેને પ્રભુ મદદ ... [illegible] ... રાજા સાતમા એડવર્ડને દીર્ઘાયુ કરો અને તેમને હાથે ... [illegible] ... તથા કોંગ્રેસનો હમેશ જય થાઓ એજ પ્રભુ પાસે પ્રાર્થીએ.

સંપુર્ણ.

જાહેર ખબરો.